# જિલ્લા કક્ષાએ ૧૮મીએ લેખિત ક્વીઝ સ્પર્ધા

## શાંતિલાલ શાહ હાઈસ્કુલમાં યોજાશે

। ભાવનગર ।

નવમી રાજ્ય સ્તરીય સ્વામી વિવેકાનંદ વિષય જિલ્લા કક્ષાએ થનાર લેખિત ક્વીઝ સ્પર્ધા ૨૦૧૮-૧૯, તા.૧૮-૧-૨૦૧૯ (શુક્રવાર)નાં રોજ સવારના ૧૧ થી ૧૨ દરમિયાન, શાંતિલાલ શાહ હાઈસ્કુલ, હલુરીયા ચોક, ભાવનગર ખાતે યોજાનાર છે જે અંતર્ગત શાળાઓની યાદી https://deobhav.blogspot.com પરથી મળી રહેશે. જેની યાદીમાં આપેલ શાળાઓનાં આચાર્યઓએ નોંધ લેવી. વધુ વિગત માટે યોજના શાખાનો સંપર્ક કરશો.તેમ ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ૮ના બાળકો માટે ક્વીઝ

## મતદાતા દિનની ઉજવણી અંતર્ગત ૨૧ જાન્યુઆરી સુધીમાં થશે આયોજન

। ભાવનગર ।

રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૧૯ની ઉજવણી અંતર્ગત તા.૧૫ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારીના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં ધો.૬ થી ધો.૮માં અભ્યાસ કરતા બાળકો વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવાનું થાય છે. સદર ક્વિઝ માટે પ્રશ્નોની નકલ શાળાઓના ઈ-મેલ આઈડી પર મોકલી આપેલ છે. જો કોઈ શાળાને ઈ-મેઈલ ન મળ્યો હોય તો તે શાળાએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, બહુમાળી ભવનમાં યોજના શાખાનો સંપર્ક કરવો. દરેક પ્રાથમિક શાળાઓમાં તા.૧૫ થી ૨૧ જાન્યુઆરી-૧૯ દરમિયાન સુચના મુજબ ક્વિઝ સ્પર્ધા યોજી પત્રક મુજબની આંકડાકીય માહિતી તથા ક્વિઝ અંગેનો સ્પષ્ટ ફોટોગ્રાફ સાથેનો અહેવાલ અત્રેની કચેરીને મોકલી આપવાનો રહેશે. વધુ વિગતો માટે ડીઈઓ-ભાવનગરનાં બ્લોગ https://deobhav.blogspot.com પર મુલાકાત લેવી.